# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-05-2026**  **EVENING: 7.10 TO 7.20**

**Day: Saturday**  **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 19મા વાર્ષિક રોજગાર મેળામાં દેશનાં 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કર્યા**
2) **પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 91 પૈસાનો વધારો કરવામાં આવ્યો**
3) **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ રાજ્યની અનેક જિલ્લા અને તાલુકા પંચાયતોમાં હોદ્દેદારોની નિયુક્તિ**
4) **અમદાવાદમાં આરબીઆઇ કરન્સી ચેસ્ટમાંથી 8 કરોડ 70 લાખ રૂપિયાની ઉચાપત**
5) **આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ગરમીનું પ્રમાણ યથાવત રહેવાની હવામાન વિભાગની આગાહી**

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા 19મા વાર્ષિક રોજગાર મેળામાં વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 51 હજારથી વધુ નવા ભરતી થયેલા યુવાનોને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું કે, ભારતના યુવાનો વિકસિત ભારત તરફની યાત્રાને વેગ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. રોજગાર મેળો યુવાનોને નવી તકો પૂરી પાડીને સશક્ત બનાવવાની અમારી સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

રોજગાર મેળા અંતર્ગત દેશના 47 સ્થળોએ એક સાથે કાર્યક્રમો યોજાયા હતા, જેમાં રાજ્યનાં 242 યુવાઓનો સમાવેશ થાય છે.અમદાવાદના શાહીબાગ ખાતે પશ્ચિમ રેલવે , અમદાવાદ વિભાગ દ્વારા “રોજગાર મેળા”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસેએ જણાવ્યું હતું કે, રોજગાર મેળો દેશના યુવાઓને નવી દિશા, આત્મવિશ્વાસ અને વિકાસની તકો સાથે જોડવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ પ્રસંગે રાજ્યનાં પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અને શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરામાં રોજગાર મેળા અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી યુવાનોનાં કૌશલ્ય અને ક્ષમતાનાં આધારે સમયસર નોકરી આપવા સતત કાર્ય કરી રહ્યા છે.

**રાજકોટ રેલ ડિવિઝનમાં 47 ઉમેદવારોને એનાયત નિમણૂક પત્રો કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી મોદીનાં વડપણમાં દેશ બદલાઈ રહ્યો છે.**

**(BYTE Mansukh Mandavia)**

# RUSSIYAN-FEDRETION

રશિયન ફેડરેશનના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ ઈવાન ફેતિસોવે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી સાથેની આ બેઠકમાં રશિયન કોન્સ્યુલ જનરલે ગુજરાત સાથે ખાસ કરીને દરિયાઈ ક્ષેત્રે, જહાજો બનાવવા અને શિક્ષણ ક્ષેત્રે સહભાગીતા અને સંકલન માટે તત્પરતા દર્શાવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, દેશના 40 ટકા કાર્ગો હેન્ડલિંગ ગુજરાતના બંદરો પરથી થાય છે. એટલું જ નહીં, શિપ રિસાયકલિંગ અને શિપ બિલ્ડિંગમાં પણ ગુજરાતે અગ્રેસરતા મેળવી છે. રશિયન ફેડરેશનના કોન્સ્યુલ જનરલે મુખ્યમંત્રીને રશિયાના સેન્ટ પીટર્સબગમાં યોજાનારી આગામી બિઝનેસ સમિટમાં ભાગ લેવા આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીએ પણ વાઇબ્રન્ટ સમિટની આગામી કડીમાં રશિયાનું ડેલિગેશન સહભાગી થાય તેવું નિમંત્રણ આપ્યું હતું.

# PETROL DIESEL PRICE LIST

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આજે પ્રતિ લિટર 91 પૈસા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ મહિનાની 15 તારીખે પ્રતિ લિટર 3 રૂપિયા, 19મી તારીખે 90 પૈસાના વધારા પછી, ઇંધણના ભાવમાં આ ત્રીજો વધારો છે. એકંદરે, તાજેતરમાં કિંમતોમાં પ્રતિ લિટર લગભગ 5 રૂપિયાનો વધારો થયો છે. ઈરાન સંઘર્ષ અને હોર્મુઝ સામુદ્રધુનીમાં વિક્ષેપો પછી વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઉછાળો વચ્ચે આ વધારો કરવામાં આવ્યો છે.

# District-Taluka Panchayat appointment evening.

26 એપ્રિલનાં રોજ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ આજે રાજ્યનાં અનેક જિલ્લા અને તાલુકા પંચાયતોમાં હોદેદ્દારોની વરણી કરવામાં આવી હતી.

મહેસાણા જિલ્લા પંચાયતમાં નિતીનભાઈ છનાભાઈ પટેલ બહુમતીથી પ્રમુખ અને ઠાકોર માસંગજી રામાજીને બહુમતીથી બિનહરીફ ઉપપ્રમુખ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. પાટણ અને સિદ્ધપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસના પ્રમુખ-ઉપપ્રમુખ ચુંટાયા છે જ્યારે સરસ્વતી તાલુકા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસ બંનેને બાર બાર બેઠકો મળતા ટાઈ પડી હતી જેમાં ચિઠ્ઠી ઉછાળવામાં આવતા ભાજપના મહિલા સભ્ય પ્રમુખ બન્યા છે. જિલ્લાની અન્ય છ તાલુકા પંચાયતોમાં ભાજપના પ્રમુખ ઉપપ્રમુખ નિમાયા છે.

ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ પદે રાજુભાઈ મનસુભાઈ ગામિતની અને ઉપપ્રમુખ પદે ઉષાબેન ધર્મેશભાઈ પટેલની વરણી કરવામાં આવી. આહવા, વઘઈ અને સુબીર તાલુકા પંચાયતોની પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટણી માટેની બેઠક ૨૫ મેના રોજ યોજાશે.

ભરૂચ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદે ભાજપના ડિમ્પલ રાજ અને ઉપ પ્રમુખ તરીકે અજીત વસાવાની વરણી કરવામાં આવી છે. નવસારી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે નયન પટેલ, ઉપપ્રમુખ તરીકે સ્નેહલ પટેલ, કારોબારી અધ્યક્ષ તરીકે દર્શનાબેન પટેલની નિમણૂક કરવામાં આવી છે. આજે ચીખલી, ખેરગામ, ગણદેવી

તાલુકા પંચાયતોના પ્રમુખ, ઉપપ્રમુખે પદભાર સંભાળ્યા છે. જલાલપોર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે કેયુર પટેલ, ઉપપ્રમુખ તરીકે વિપુલ પટેલ, કારોબારી અધ્યક્ષ તરીકે હીરેન પટેલની વરણી કરવામાં આવી હતી.

વાંસદા તાલુકા પંચાયત પ્રમુખ તરીકે ભાજપનાં કૌશિક પટેલ અને ઉપપ્રમુખ તરીકે ભાજપનાં અજયભાઈ ગામીતની વરણી કરવામાં આવી છે. વલસાડ જિલ્લાની ધરમપુર તાલુકા પંચાયતનાં પ્રમુખ પદે શકુંતલા ચૌધરી તથા ઉપ પ્રમુખ પદે રણજીત ચૌધરી ચુંટાઈ આવ્યા છે.

છોટાઉદેપુર જિલ્લાના સાત તાલુકામાં આજે તાલુકા પંચાયતના પ્રમુખોની ચૂંટણી યોજાઈ હતી, જેમાં નસવાડી, પાવી જેતપુર, સંખેડા અને બોડેલીમાં ભાજપનું બોર્ડ બન્યું છે.

મહીસાગર જિલ્લાની તમામ આઠ તાલુકા પંચાયતો પર ભાજપનાં પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટાયા છે.

પોરબંદરના જિલ્લા પંચાયતના ઇતિહાસમાં પ્રથમ વખત પ્રમુખ પદે યુવા એન્જિનિયર શીતલબેન રમેશભાઈ ઓડેદરાની બિનહરીફ વરણી થઈ છે તો ઉપપ્રમુખ તરીકે ગોપાલભાઈ કોઠારીની વરણી થઈ છે.

આ ઉપરાંત, ગાંધીનગર, બનાસકાંઠા, તાપી, વાવ-થરાદ, તાપી, પંચમહાલ, બોટાદ, અમરેલી જિલ્લા અને તાલુકા પંચાયતોનાં હોદ્દેદારોની વરણી થઈ હતી.

# EMBEZZLEMENT IN RBI

અમદાવાદમાં આરબીઆઇ કરન્સી ચેસ્ટમાંથી 8 કરોડ 70 લાખ રૂપિયાની ઉચાપત થઈ હતી. આ કેસમાં બેન્ક ઓફ બરોડાનાં જોઇન્ટ કસ્ટોડિયનની ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે સહાયક પોલિસ કમિશન હિરેન્દ્ર ચૌધરીએ વધુ માહિતી આપી.

## (બાઇટઃ હિરેન્દ્ર ચૌધરી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# RUMORS ABOUT MORBI PETROL-DIESEL

મોરબી જિલ્લામાં પેટ્રોલ-ડીઝલ અંગેની અફવાઓથી દૂર રહેવા વહીવટીતંત્રએ અપીલ કરી છે. જિલ્લા પુરવઠા અધિકારી હંસરાજસિંહ ગોહિલે જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારની દેખરેખ હેઠળ સતત જથ્થો જાળવાઈ રહ્યો છે.

## (બાઇટઃ હંસરાજસિંહ ગોહિલ પુરવઠા અધિકારી)

# GREEN-TECHNOLOGY

ગ્રીન ટેક્નોલોજીથી ગુજરાતના માર્ગોની કાયાપલટ થશે. વિવિધ જિલ્લાના 20 માર્ગો પર 1હજાર 147 કરોડના ખર્ચે કામગીરી શરૂ કરવામાં આવશે. પર્યાવરણને અનુકૂળ આધુનિક ટેક્નોલોજીથી ખર્ચમાં પણ ઘટાડો થશે, રસ્તાઓનું આયુષ્ય પણ લાંબુ થશે. આ પ્રક્રિયામાં હયાત રોડના જૂના મટેરિયલને ફરી ઉપયોગ કરીને રોડનું નિર્માણ કરવામાં આવશે, જેનાથી ખર્ચમાં ઘટાડાની સાથે પર્યાવરણને અનુકૂળ પ્રક્રિયાને પ્રોત્સાહન મળશે.

પાટણમાં લણવા-મણુંદ-સંડેર-બાલીસાણા રોડ અને રાધનપુર-મશાલી-માધાપુરા રોડ  તેમજ ગિરસોમનાથમાં ભીડીયા સોમનાથ રોડ ,સહિત મહીસાગરમાં સંતરામપુર-ઝાલોદ રોડ સહિત અન્ય રોડ માટે નવી ટેક્નોલોજી અનુસાર કામગીરી કરવામાં આવશે. આ માર્ગો પર રોડને પહોળા કરવાનું કામ, આર.સી.સી ગટરલાઈન, રિસર્ફેસિંગ, વ્હાઇટ ટોપિંગ, ગ્લાસ ગ્રીડ સહિતની કામગીરી અલગ અલગ રોડની જરૂરિયાતો અનુસાર કરવામાં આવશે

# SANTEJ AND RATNAKAR AGA

અમદાવાદ પાસેનાં સાંતેજ વિસ્તારમાં આવેલી એક ફેક્ટરીમાં કેમિકલ અને પ્લાસ્ટિક ઉદ્યોગમાં વપરાતા રો - મટીરીયલમાં શુક્રવારે સાંજે આગ લાગી હતી. પ્રાથમિક અંદાજ મુજબ આશરે 80 કરોડ રૂપિયા જેટલું નુકસાન થયું છે. આજે સવારે ફેક્ટરી પરિસરમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિને ઈજા પહોંચી નથી.

દરમિયાન, અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રત્નાકર બિલ્ડિંગમાં આજે સવારે આગ લાગી હતી. જોકે અગ્નિશમન વિભાગે આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. આગમાં કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી.

# SABARMATI-RIVER-FRONT

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ઉનાળાની રજાઓ તથા મુલાકાતીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને અટલ બ્રિજ, રિવરફ્રન્ટ ફ્લાવર પાર્ક તથા મૂન ટ્રેલ પાર્કના સમયગાળામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં સાબરમતી રિવરફ્રન્ટ હેઠળ આવેલ તમામ ગાર્ડન રાત્રિના 11 વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવે છે. જે હવે રાત્રીના 12 વાગ્યા સુધી ખુલ્લા રહેશે. નવા સમયનો અમલ 25મી મેથી કરવામાં આવશે.

# WEATHER

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે અને મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. છેલ્લા 24 કલાક દરમિયાન સુરેન્દ્રનગરમાં રાજ્યનું સૌથી વધુ 43.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં 43.3 ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં 43.0 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું

હાલ રાજ્ય પર પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે અને પંજાબથી દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન સુધી સક્રિય ટ્રફ લાઇનના પ્રભાવને કારણે આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવના છે.

આ અંગે હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક ડો. રામાશ્રેય યાદવે વધુ માહિતી આપી.

**(BYTE: RAMASHREY YADAV)**